# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-01-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SWAMITVA YOJNA PROPERTY CARD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વર્ચ્યૂઅલ માધ્યમથી સ્વામિત્વ યોજના હેઠળ રાજ્ય સહિત દેશભરમાં 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું હતું. અમદાવાદમાં સાયન્સ સિટીની સામે આવેલા સાલ ઑડિટોરિયમ ખાતે કેન્દ્રીય આરોગ્યમંત્રી જે. પી. નડ્ડા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાઈ ગયો.

કેન્દ્રીય આરોગ્યમંત્રી જે. પી. નડ્ડાએ જણાવ્યું કે, પ્રોપર્ટી કાર્ડ મળવાથી દેશના ખેડૂત ઘણા મજબૂત થશે.

(બાઈટઃ જે. પી. નડ્ડા, કેન્દ્રીય આરોગ્યમંત્રી)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સ્વામિત્વ યોજના ગ્રામીણ ભારત માટે ગેમ ચેન્જર સાબિત થઈ છે.

(બાઈટઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

. . . . . . . . . . . . .

# SURAT CRIME CONFERENCE

સુરતમાં પોલીસ ભવન ખાતે પહેલીવાર ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં યોજાયેલી આ પરિષદમાં ચાર શહેરના પોલીસ કમિશનર તેમજ નવ રેન્જ I.G., લૉ એન્ડ ઑર્ડરના ચાર અધિકારીઓ સહિત રાજ્યના ટોચના IPS અધિકારીઓ ઉપસ્થિત છે. આ પરિસદમાં ગુના અને શહેરની પરિસ્થિતિનો તાગ મેળવાશે.

. . . . . . . . . . . . .

# AMDAVAD KHYATI HOSPITAL AROPI

અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલ ગેરરીતિ મામલે અમદાવાદ ગુનાશાખાએ હૉસ્પિટલના નિદેશક કાર્તિક પટેલની મોડીરાત્રે ધરપકડ કરી છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, કાર્તિક પટેલ ઘણા સમયથી એક દેશથી બીજા દેશમાં આવતા-જતા હતા. તેમની સામે લુક-આઉટ નોટિસ જાહેર કરવામાં આવી હતી. આખરે તેમની અમદાવાદ હવાઈમથક પરથી ધરપકડ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# DWARKA DEMOLITION

દેવભૂમિદ્વારકા જિલ્લામાં સતત આઠમા દિવસે ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી ચાલી રહી છે. બેટદ્વારકા બાદ યાત્રાધામ દ્વારકાના રૂક્ષ્મણી મંદિર અને ખોડીયાર ચેકપૉસ્ટ નજીક ગેરકાયદે દબાણને પણ દૂર કરાયા હતા. આ અંગે જિલ્લાના SDM અમોલ આવટેએ માહિતી આપી હતી.

**(બાઈટઃ અમોલ આવટે, SDM, દ્વારકા)**

. . . . . . . . . . . . .

# SURAT YOUTH DAY

સુરતના ઈન્ડોર સ્ટેડિયમમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવણી અને આંતરરાષ્ટ્રીય યુવા પુરસ્કાર સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ઓડિશા વડી અદાલતના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ કે. એસ. ઝવેરીએ જણાવ્યું કે, સ્કાઉટીંગ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર, પ્રામાણિકતા, સેવાભાવ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રસેવાના ગુણનો વિકાસ થાય છે.

દેશના 18 રાજ્યોના પ્રતિનિધિ તેમજ શ્રીલંકાથી 2 અને મલેશિયાથી એક સ્કાઉટસ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# MEHSANA REPUBLIC DAY

મહેસાણામાં જિલ્લાકક્ષાના પ્રજાસતાક પર્વની ઉજવણીને લઈને નિવાસી કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી. દરમિયાન સરકારી ઇમારતોને રોશનીથી શણગારવા, ટેબ્લો નિદર્શન સહિતની માહિતી મેળવી સૂચનો કરાયા હતા. પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં દેશભક્તિ સહિતની ખાસ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ થશે સાથે પોલીસ પરેડ પણ યોજાશે. ઉલ્લેખનીય છે કે, ખેરાલુના કેશુભાઈ દેસાઇ સંકુલ ખાતે જિલ્લાકક્ષાના પ્રજાસતાક પર્વની ઉજવણી કરાશે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR COLLECTOR BETHAK

મહિસાગર કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર નેહાકુમારીની અધ્યક્ષતામાં યોજાયેલી સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં બાલાસિનોર અને લુણાવાડાના ધારાસભ્યોએ શાળાના ઓરડા, રસ્તાની કામગીરી અને મનરેગાના પ્રશ્નો રજૂ કર્યા હતા. દરમિયાન કલેક્ટરે સંબંધિત અધિકારીઓને કામ ત્વરીત પૂર્ણ કરવા સૂચન કર્યું હતું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**…………………………………**